# પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા ખાતે ખેડૂત દિન–વ–ડાંગર પાક પરિસંવાદ યોજાયો

નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, વ્યારા ખાતે તા. ૦૫/૧૦/૨૦૧૯ના રોજ ચોખા સંશોધન કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા–તાપીના સંયુકત ઉપક્રમે એક દિવસીય ખેડૂત દિન–વ–ડાંગર પાક પરિસંવાદ યોજાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી માન. કુલપતિશ્રી ન.કૃ.યુ., નવસારી, ડૉ. સી. જે. ડાંગરીયાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રેરણા અને આર્શિવચનો આપ્યાં. વધુમાં તેમણે પાકના મૂલ્યવર્ધન તરફ વળી આવક વધારવા સૂચન કર્યુ. બજારની માંગ આધારિત ખેતી કરવા પ્રેરિત કર્યા તથા ખેતી કાર્યોમાં મહિલાઓનું યોગદાન બિરદાવ્યું હતું. કાર્યક્રમના અતિથિ વિશેષ ડૉ. જી. આર. પટેલ, માન. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીએ કૃષિ યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર છણાવટ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. વી. પી. પટેલએ સ્વાગત પ્રવચન કરી ડાંગરનું ઉત્પાદન વધારવાની ચાવીઓ બતાવી. પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, વ્યારાના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. કેદારનાથે ડાંગરમાં રોગજીવાતનું નિયંત્રણ સમજાવ્યું. શેરડી પકવતા ખેડૂતોની આવક વધારવાના અગત્યના મુદ્દા વિશે ડૉ. એસ. સી. માલી, સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નવસારીએ પ્રકાશ પાડયો. ડૉ. રોનક ભકતા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કઠોળ સંશોધન કેન્દ્ર, નવસારીએ દિવેલાને તાપી જિલ્લા માટે એક આશાસ્પદ પાક જણાવ્યો. હળદર અને આંબા હળદરની વૈજ્ઞાનિક ખેતીથી ખેડૂતોની આવક વધારવા અંગેની માહિતી શ્રી ગોપાલ વડોદરીયા, મદદનીક પ્રાધ્યાપક, જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.કૃ.યુ., નવસારીએ આપી. શ્રી પી. આર. ચૌધરી, પ્રોજેકટ ડાયરેકટર, આત્મા પ્રોજેકટ, તાપી દ્વારા આત્મા દ્વારા કરવામાં આવતી વિસ્તરણ કામગીરી અંગે વિસ્તૃત છણાવટ કરી તથા શ્રી સતિષભાઈ ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારી, તાપીએ ખેતીવાડીની વિવિધ યોજનાઓ અંગે અવગત કર્યા. કાર્યક્રમમાં રાકેશભાઈ, હિતેશભાઈ, લીલાબેન જેવાં ખેડૂતોએ ડાંગરની જી.આર.–૧૭ (સરદાર) વિશે પોતાના પ્રતિભાવો આપ્યા હતાં. આ કાર્યક્રમમાં તાપી જિલ્લાના ૪૫૦ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લઈને ચોખા સંશોધન કેન્દ્ર ઉપર નિદર્શિત કરવામાં આવેલ ડાંગરની વિવિધ જાતો નિહાળી હતી અને પ્રદર્શન સ્ટોલની મુલાકાત લીધી હતી.

ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, વ્યારાએ આભાર વિધિ દ્વારા કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શ્રી કે. એન. રણા, વૈજ્ઞાનિક, કે.વિ.કે., વ્યારા દ્વારા કરવામાં આવ્યું.

